Divyabhaskar (Supple.: Businessbhaskar)
March 26, 2018
Pg.4

EDII

## — ક્રાઉડફંડિંગ - આપણે શું જાણીએ છીએ અને શું નથી જાણતા? —

# ઉદ્યોગ શરૂ કરવા સ્ટાર્ટઅપ્સ માટે મહત્વના ચાર પ્રકારના ક્રાઉડ ફન્ડિંગ

વર્ષ 2008ની ધિરાણ કે નાણાકીય કટોકટી પછીનાં મહિનાઓમાં સ્ટાર્ટઅપ્સ, નાનાં વ્યવસાયો અને સોશિયલ વેન્ચર્સને તેમની કામગીરી અને વૃદ્ધિ માટે મૂડીભંડોળ ઊભું કરવામાં અત્યંત મુશ્કેલી પડી હતી. આ કપરાં સંજોગોનો સફળતાપૂર્વક સામનો કરવા થોડાં સક્રિય અને કોઈ પણ સ્થિતિમાં હાર માનવાનું પસંદ ન કરતાં ઉદ્યોગસાહસિકોએ રોકાણકારો પાસેથી ભંડોળ મેળવવા "ક્રાઉડફંડિંગ" નામની નવી પદ્ધતિ પ્રસ્તુત કરી હતી અને ક્વોન્ટિટેટિવ ઈઝિંગ વખતે આ ઉદ્યોગસાહસિકોએ રોકાણ પર શ્રેષ્ઠ વળતર આપવાની ઓફર કરી હતી.

**સ્ટાર્ટઅપ ટોક**
મયંક પટેલ

ક્રાઉડફંડિંગ ચોક્કસ પ્રોજેક્ટ, બિઝનેસ એન્ટરપ્રાઈઝ કે સામાજિક ઉદ્દેશ માટે વેબ-આધારિત પ્લેટફોર્મ કે સોશિયલ નેટવર્કિંગ મારફતે મોટી સખ્યામાં રોકાણકારો (વ્યક્તિઓ કે કંપનીઓ) પાસેથી મૂડીભંડોળ (નાની રકમમાં) ઊભું કરવાની પદ્ધતિ છે. ક્રાઉડફંડિંગને સુલભ બનાવવા ઘણાં ઓનલાઈન પ્લેટફોર્મ પણ ઊભા થયા છે. આ નવીન નાણાકીય બજાર મહત્ત્વપૂર્ણ પાસાં તરીકે મોટી સંખ્યામાં રોકાણકારો, ઓછું રોકાણ અને ઈન્ટરનેટનો ઉપયોગ છે. તેમાં મોટી સંખ્યામાં રોકાણકારો અતિ નાની રકમનું રોકાણ કરે છે, કારણ કે સામાન્ય રીતે તેઓ મોટી રકમ પર જોખમ લઈ શકાય એવી નાણાકીય સ્થિતિમાં હોતાં નથી તથા ઊભા થયેલાં ભડોળનો ખર્ચ અતિ ઓછો જાળવવા વેબ-આધારિત પ્લેટફોર્મ્સ કે સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સનો ઉપયોગ કરીને મૂડીભંડોળ ઊભું કરવામાં આવે છે તેમજ ટૂંકા સમયગાળામાં મોટી સંખ્યામાં સંભવિત રોકાણકારો સુધી પહોંચવામાં આવે છે. સંગીત, ફિલ્મ, પુસ્તક; બગીચાનું નવીનીકરણ, શાળા કે યાત્રાધામનું નિર્માણ, નદી કે જળાશયની સાફસફાઈ; કે વ્યાવસાયિક સાહસ જેવા ઉદાર કે જાહેર-હિતનાં આશય જેવા રચનાત્મક પ્રોજેક્ટ્સ માટે નાણાં ભંડોળ ઊભું કરવા આ ઉપયોગી માધ્યમ છે. રોકાણકારો રચનાત્મક પ્રોજેક્ટ, જાહેર હિત માટેની પ્રતિબદ્ધતા કે રોકાણ પર વળતર મેળવવા માટે ફંડ ઓફર કરે છે.




### ક્રાઉડફંડિંગનાં મુખ્ય ચાર પ્રકારો

યોગદાન કે રોકાણનાં ઉદ્દેશને આધારે ક્રાઉડફંડિંગનાં ચાર વિસ્તૃત પ્રકાર છે. સોશિયલ લેન્ડિંગ (સામાજિક ધિરાણ) કે ડોનેશન ક્રાઉડફંડિંગ, રિવોર્ડ ક્રાઉડફંડિંગ, પીઅર-ટૂ-પીઅર લેન્ડિંગ અને ઈક્વિટી ક્રાઉડફંડિંગ. ડોનેશન ક્રાઉડફંડિંગમાં સામાજિક, કળાત્મક, દાન કે ધાર્મિક ઉદ્દેશ માટે કોઈ પણ પ્રકારનાં વળતરની અપેક્ષાં વિના ભંડોળ આપવામાં આવે છે. જ્યારે મોટી સંખ્યામાં વ્યક્તિઓ હોસ્પિટલનું નિર્માણ કરવા માટે દાન કરે છે, ત્યારે હોસ્પિટલ ક્રાઉડફંડેડ હોવાનું કહેવાય છે. રિવોર્ડ ક્રાઉડફંડિંગમાં નાણાંનું રોકાણ કરવાનો રોકાણકારોનો ઉદ્દેશ રોકાણનાં બદલામાં કેટલાંક ઉપભોક્તા ઉત્પાદનો મેળવવાનો કે રિવોર્ડ સ્કીમમાં મેમ્મબરશિપ જેવા હાલ અસ્તિત્વ ધરાવતાં કે ભવિષ્યમાં રિવોર્ડ મેળવવાનો હોય છે. પીઅર-ટૂ-પીઅર લેન્ડિંગમાં ઓનલાઈન પ્લેટફોર્મ અનસીક્યોર્ડ લોન પ્રદાન કરવા ધિરાણકારોનો મેળ બેસાડે છે. (લેખક:પ્રોફેસર, ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)